| GJJN110005602023 | | | | | |
|---|---|---|---|---|---|
| | | રજુ તારીખ : | 28 | 08 | 2023 |
| | | દાખલ તારીખ : | 28 | 08 | 2023 |
| | | ફેસલ તારીખ : | 16 | 05 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 02 | 08 | 19 |
| | સત્યમેવ જયતે | આંક : ૫૯. | | | |

---

**મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.ભેસાણ.**

---

**ફોજદારી કેસ નં.૪૬૩/૨૦૨૩.**

**:: નમૂના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૧૬/૦૫/૨૦૨૬. |
| **ફોજદારી કેસ નંબર** | **૪૬૩/૨૦૨૩.** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬,૪૨૦,૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૦૭૨૩૦૦૪૦ |
| પોલીસ સ્ટેશન | ભેસાણ પોલીસ સ્ટેશન. |
| ફરીયાદ પક્ષ | **શ્રી સરકાર** (મુળ ફરીયાદી : આશાબેન વા/ઓ શૈલેષભાઈ રામજીભાઈ મોવલીયા) |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.એચ.સિંધી. |
| બચાવ પક્ષ | **(૧) અંકલેશ વિધ્યાનંદ પોદાર,**<br>ઉ.વ.૩૭, ધંધો–ફેરીનો,<br><br>**(૨) મો.ઝુબેર મો.મકસુદ શેખ,**<br>ઉ.વ.૩૨, ધંધો–ફેરીનો,<br>બન્ને રહે.જમુનીયા, તુલસીપુર, જી.ભાગલપુર (બીહાર),<br>હાલ રહે.જુનાગઢ, ધરા નગર, જી.જુનાગઢ. |
| રજુઆત | કોઈ નહી (ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ) |

## :: નમૂના–બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૩/૦૨/૨૦૨૩. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૩/૦૨/૨૦૨૩. |
| આખરી અહેવાલની તારીખ | ૧૬/૦૪/૨૦૨૩. |
| તહોમતનામાની તારીખ | ––– |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૩/૦૮/૨૦૨૫. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | –– |
| ચૂકાદાની તારીખ | ૧૬/૦૫/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## :: આરોપીની વિગત ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અંકલેશ વિધ્યાનંદ પોદાર | ૨૩/૦૨/૨૩ | ૨૭/૦૨/૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ. | નિર્દોષ | –– | –– |
| ૨. | મો.ઝુબેર મો.મકસુદ શેખ | | | | | | |

## :: નમૂનો ક ::

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી
### અ. ફરિયાદ પક્ષના સાક્ષી

| ક્રમ. | પુરાવાનો પ્રકાર | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | નટવરલાલ હિરાનાથ રાઠોડની જુબાની. | ૧૯ |
| ૨. | સાહેદ | શૈલેષભાઈ રામજીભાઈ મોવલીયાની જુબાની. | ૨૧ |
| ૩. | પંચ સાહેદ | શૈલેષભાઈ ધીરૂભાઈ રામાણીની જુબાની. | ૨૨ |
| ૪. | પંચ સાહેદ | યસીનભાઈ ઈકબાલભાઈ ઓઠાની જુબાની. | ૨૪ |
| ૫. | પંચ સાહેદ | હરેશભાઈ જગુભાઈ બાંભરોલીયાની જુબાની. | ૨૬ |
| ૬. | સાહેદ | રામજીભાઈ ભીખાભાઈ મોવલીયાની જુબાની. | ૨૭ |
| ૭. | સાહેદ | નામજીભાઈ ભીખાભાઈ મોવલીયાની જુબાની. | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૮. | પંચ સાહેદ | ચીમનભાઈ કનુભાઈ દવેની જુબાની. | ૨૯ |
| ૯. | પંચ સાહેદ | લક્ષ્મણનાથ ઝવેરનાથ ડાંગરની જુબાની. | ૩૧ |
| ૧૦. | સાહેદ | પ્રવિણભાઈ લવજીભાઈ બાંભરોલીયાની જુબાની. | ૩૬ |
| ૧૧. | સાહેદ | હરસુખભાઈ હસરાજભાઈની જુબાની. | ૩૭ |
| ૧૨. | સાહેદ | નિતેશભાઈ ધીરૂભાઈ હુંમરની જુબાની. | ૩૮ |
| ૧૩. | સાહેદ | રોહીતભાઈ મનસુખભાઈ સેલડીયાની જુબાની. | ૪૦ |
| ૧૪. | સાહેદ | મનુભાઈ વિઠ્ઠલભાઈ પાઘડારની જુબાની | ૪૩ |
| ૧૫. | ફરીયાદી | આશાબેન શૈલેષભાઈ મોવલીયાની જુબાની | ૪૪ |
| ૧૬. | સાહેદ | જયાબેન રામજીભાઈ મોવલીયાની જુબાની. | ૪૬ |
| ૧૭. | સાહેદ | પ્રવિણભાઈ ઉર્ફે પરેશભાઈ કરશનભાઈ મોવલીયાની જુબાની. | ૪૭ |
| ૧૮. | ત.ક.અમલદાર | રાજેન્દ્રસીંહ પરબતસીંહ ચુડાસમાની જુબાની. | ૪૮ |
| ૧૯. | પંચ સાહેદ | વિજયભાઈ શામજીભાઈ ગેગડાની જુબાની. | ૫૦ |
| ૨૦. | ત.ક.અમલદાર | ધર્મેન્દ્રસીંહ કનકસીંહ સરવૈયાની જુબાની. | ૫૨ |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| ક્રમ. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની ખરી નકલ. | ૨૦ |
| ૨. | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૨૩ |
| ૩. | ડીસ્કવરી પંચનામાની ખરી નકલ. | ૨૫ |
| ૪. | ઓળખ પરેડના પંચનામાની ખરી નકલ. | ૩૨ |
| ૫. | વજનકાંટાની પહોંચ. | ૩૯ |
| ૬. | સી.સી.ટી.વી. ફુટેજની કોપી કરેલી તે સી.ડી. | ૪૧ |
| ૭. | ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્રની ખરી નકલ. | ૪૨ |
| ૮. | અસલ ફરીયાદ. | ૪૫ |
| ૯. | સી.સી.ટી.વી. ફુટેજની સી.ડી. કબજે કર્યા અંગેના પંચનામાની ખરી નકલ. | ૫૩ |

# -:: ઠરાવ ::-

(૧). આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૩/૨/૨૦૨૩ના કલાક ૧૦-૦૦ વાગ્યાના અરસામાં ભેસાણ તાબાના ગોરખપુર ગામે ફરીયાદીના ઘરે જઈ, ફરીયાદીને કહેલ કે અમો વાસણ ઉજળા કરવાનો પાવડર વેચીએ છીએ. તમારે લેવો છે તેમ કહી ફરીયાદી પાસે તાંબાના તથા પિતળના વાંસણ સાફ કરવા માંગેલ જેથી ફરીયાદી પાસે રહેલ તાંબાની લોટી તથા ખોડીયારમાંની પિતળની મુર્તી સાફ કરવા આપેલઅને આરોપીઓએ તે ઉજળી કરી આપી ફરીયાદીને કહેલ કે અમો સોના તથા ચાંદીની વસ્તુ પણ ઉજળી કરી આપીએ છીએ તેમ કહી ફરીયાદીને વિશ્વાસમાં લઈ ફરીયાદી પાસે રહેલ ૧ તોલા સોનાની ચેન કિ.રૂા.૪૦,૦૦૦/- ની ઉજળી કરવાના બહાને ફરીયાદી પાસેથી લઈ આરોપીઓએ તેમની પાસે રહેલ પાણીમાં નાખતા ચેન તુટીને ટુકડા થઈ જતા ફરીયાદીએ આરોપીઓને તમે મારો ચેન તોડી નાખેલ છે હું પોલીસને બોલાવુ તેમ કહેતા આરોપીઓએ ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી ફરીયાદીની ચેન લઈને મોટર સાયકલ નં.જી.જે.૧૧.એન.એન.૯૯૧૩ ઉપર નાસી જઈ ગુનામાં એકબીજાને મદદગારી કરી,ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદીએ ફરીયાદ આપતા પોલીસે ફરીયાદીની ફરીયાદ નોંધી, આ ગુનાની તપાસ કરી,તપાસના અંતે આરોપી ઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોકત ગુના મુજબનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૨). ત્યારબાદ, આ કામે રેકર્ડ જોતા સદર કામમા ઘણા સમયથી આરોપીઓ ઉપર વોરંટ ચાલતુ હોઈ, વોરંટ વગર બજયે આવતા હોઈ, ફરીયાદપક્ષ આરોપીઓને હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ હોઈ અને નજીકનાં ભવિષ્યમાં આરોપીઓ મળી આવે તેવી સંભાવના જણાતી ન હોઈ, સદર કામે ફરીયાદપક્ષનાં હિતને ધ્યાનમાં રાખી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવો વાજબી જણાતા આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૯૯ નાં કાયદાકીય પ્રબંધો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પરીપત્ર નં.સી ૨૬૧૮/૨૦૧૬, તા.૫/૭/૨૦૧૬ ને ધ્યાને લઈ, સદર કામમાં

આરોપીઓની ગેરહાજરીમા પુરાવો નોંધવા હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩). ત્યારબાદ, આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફે ઉપરોકત નમુના 'ક' માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૪). ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરતા,જેથી ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫). સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

**મુદ્દા નં.૧ :** શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ આરોપીઓએ તા.૧૩/૨/૨૦૨૩ના કલાક ૧૦-૦૦ વાગ્યાના અરસામાં ભેસાણ તાબાના ગોરખપુર ગામે ફરીયાદીના ઘરે જઈ, ફરીયાદીને કહેલ કે અમો વાસણ ઉજળા કરવાનો પાવડર વેચીએ છીએ તમારે લેવો છે તેમ કહી ફરીયાદી પાસે તાંબાના તથા પિતળ ના વાંસણ સાફ કરવા માંગેલ જેથી ફરીયાદી પાસે રહેલ તાંબાની લોટી તથા ખોડીયારમાંની પિતળની મુર્તી સાફ કરવા આપેલ અને આરોપીઓએ તે ઉજળી કરી આપી ફરીયાદીને કહેલ કે અમો સોના તથા ચાંદીની વસ્તુ પણ ઉજળી કરી આપીએ છીએ તેમ કહી ફરીયાદીને વિશ્વાસમાં લઈ ફરીયાદી પાસે રહેલ ૧ તોલા સોનાની ચેન કિ.રૂા.૪૦,૦૦૦/- ની ઉજળી કરવાના બહાને ફરીયાદી પાસેથી લઈ આરોપીઓએ તેમની પાસે રહેલ પાણીમાં નાખતા ચેન તુટીને ટુકડા થઈ જતા ફરીયાદીએ આરોપીઓને તમે મારો ચેન તોડી નાખેલ છે, હું પોલીસને બોલાવુ તેમ કહેતા આરોપીઓ

એ ફરીયાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત કરી ફરીયાદીની ચેન લઈને મોટર સાયકલ નં.જી.જે.૧૧.એન.એન.૯૯૧૩ ઉપર નાસી જઈ ગુનામાં એકબીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કર્યો છે ?

**મુદ્દા નં.૨ :** આખરી શું હુકમ ?

**(૬).** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧</u>**

**(૭).** સદર કામે આરોપી વિરૂધ્ધનો ઉપરોકત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષે <u>આંક–૨૦ થી રજુ થયેલ મોબાઈલ કબજે લીધા અંગેના પંચનામા</u> સબંધે પંચ સાહેદ નટવરલાલ હિરાનાથ રાઠોડને આંક–૧૯ થી તથા પંચ સાહેદ ચીમનભાઈ કનુભાઈ દવેને આંક–૨૯ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૦ થી રજુ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કર્યાની હકીકત જણાવેલ છે અને સદર પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. સદર બંને પંચ સાહેદો આંક–૨૦ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એપીપીશ્રી ધ્વારા બંને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી બંને પંચ સાહેદોની ઉલટ તપાસ કરવા છતાં કોઈ હકીકત બહાર આવેલ નથી.

**(૮).** ત્યારબાદ, ફરીયાદ પક્ષે <u>આંક–૨૩ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામા</u> સબંધે પંચ સાહેદ શૈલેષભાઈ ધીરૂભાઈ રામાણીને આંક–૨૨ થી તથા પંચ સાહેદ હરેશભાઈ જગુભાઈ બાંભરોલીયાને આંક–૨૬ થી તપાસવામાં આવેલા છે, તેઓએ

તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૩ વાળા તૈયાર પંચનામામાં પોલીસના કહેવાથી સહી કર્યાની હકીકત જણાવેલ છે અને સદર પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. સદર બંને પંચ સાહેદો આંક–૨૩ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એપીપીશ્રી દ્વારા બંને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી બંને પંચ સાહેદોની ઉલટ તપાસ કરવા છતાં કોઈ હકીકત બહાર આવેલ નથી.

(૯). ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૨૫ થી રજુ થયેલ ગુનામા ચોરી કરેલ ચીજવસ્તુ કબજે કર્યાના પંચનામા સબંધે પંચ સાહેદ યાસીન ઈકબાલ ઓઠાને આંક–૨૪ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૫ થી રજુ પંચનામામાં પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કર્યાની હકીકત જણાવેલ છે અને સદર પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, સદર પંચનામા કે તેની કોઈ હકીકત પુરવાર થતી નથી. સદર બંને પંચ સાહેદો આંક–૨૩ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એપીપીશ્રી દ્વારા બંને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી બંને પંચ સાહેદોની ઉલટ તપાસ કરવા છતાં કોઈ હકીકત બહાર આવેલ નથી.

(૧૦). ત્યારબાદ, ફરીયાદ પક્ષે આંક–૩૨ થી રજુ થયેલ ઓળખ પરેડ પંચનામા સબંધે પંચ સાહેદ લક્ષ્મણનાથ ઝવેરનાથ ડાંગરને આંક–૩૧ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૩૨ થી રજુ પંચનામામાં પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કર્યાની હકીકત જણાવેલ છે અને સદર પંચનામા મા પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, સદર પંચનામા કે તેની કોઈ હકીકત પુરવાર થતી નથી. સદર બંને પંચ સાહેદો આંક–૨૩ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એપીપીશ્રી દ્વારા બંને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી બંને પંચ સાહેદોની ઉલટ તપાસ કરવા છતાં કોઈ હકીકત બહાર આવેલ નથી.

**(૧૧).** ત્યારબાદ, ફરીયાદ પક્ષે <u>આંક–૫૩ થી રજુ થયેલ સીસીટીવી ફુટેજની ડીવીડી કબજે કર્યાના પંચનામા</u> સબંધે પંચ સાહેદ વિજયભાઈ શામજીભાઈ ગેગડાને આંક–૫૦ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૫૩ થી રજુ પંચનામામાં પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કર્યાની હકીકત જણાવેલ છે અને સદર પંચનામામા પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, સદર પંચનામા કે તેની કોઈ હકીકત પુરવાર થતી નથી. સદર પંચ સાહેદ આંક–૫૩ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એપીપીશ્રી ધ્વારા પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી પંચ સાહેદ ની ઉલટ તપાસ કરવા છતાં કોઈ હકીકત બહાર આવેલ નથી.

**(૧૨).** ત્યારબાદ, ફરીયાદ પક્ષે ફરીયાદી સાહેદ આશાબેન શૈલેષભાઈ મોવલીયાને આંક–૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં, તા.૧૩/૨/૨૩ ના રોજ તેઓ અને તેમના સાસુ દયાબેન ઘરે હતા, તેમના પતિ વાડીએ હતા. ત્યારે બે અજાણ્યા માણસો મોટર સાયકલ લઈને આવેલા. તેઓએ તેમની પાસે રહેલ ત્રાંબાની લોટી અને પીતળની મુર્તિ સાફ કરવા આપેલી. જે આરોપીઓએ પાવડર નાખી ઉજળી કરી આપેલી અને આરોપીએ કહેલ કે અમો સોના–ચાંદીના દાગીના પણ ઉજળા કરી આપીએ છીએ. તેની વાતોમાં આવી જઈ ફરીયાદીએ સોનાનો ચેઈન ઉજળો કરવા આપેલો. જેથી બે માંથી એક માણસ બહાર ગયેલ અને બીજો માણસ સોનાનો ચેઈન લઈને ભાગી ગયેલો. તેના મોટર સાયકલના નંબર જોતા ૧૯૩૧ હતા તેમના પતિને ફોનથી જાણ કરતા તેમના પતિ આવતા તેઓએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી.ઉપરોકત હકીકતો ને ફરીયાદપક્ષે તપાસવામા આવેલસાહેદ જયાબેન રામજીભાઈ મોવલીયાએ તેમની આંક–૪૬ ની જુબાનીમાં સમર્થન આપેલ છે. જયારે સાહેદ શૈલેષભાઈ રામજીભાઈ મોવલીયાએ તેમની આંક–૨૧ ની તથા સાહેદ રામજીભાઈ ભીખાભાઈ મોવલીયાએ તેમની આંક–૨૭ ની તથા સાહેદ નાનજીભાઈ રામજીભાઈ મોવલીયાએ તેમની

આંક–૨૮ ની જુબાનીમાં તેઓ બનાવ સમયે સ્થળ ઉપર હાજર ન હોય તેઓએ બનાવની હકિકત વાતો વાતોથી સાંભળેલ હોવાનું જણાય આવે છે.

(૧૩). ત્યારબાદ, ફરીયાદ પક્ષે સાહેદ પ્રવિણભાઈ લવજીભાઈ બાંભરોલીયાને આંક–૩૬ થી તથા સાહેદ હરસુખભાઈ હંસરાજભાઈને આંક–૩૭ થી તથા સાહેદ પ્રવિણભાઈ ઉર્ફે પરેશભાઈ કરશનભાઈ મોવલીયાને આંક–૪૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓ બનાવ બાબત કાંઈ જાણતા નથી બનાવની હકીકત તેઓએ વાતો વાતથી જાણેલ હોવાનુ જણાતુ હોઈ જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૪). ત્યારબાદ, ફરીયાદ પક્ષે સાહેદ નિતેશભાઈ ધીરૂભાઈ હુંમ્મરને આંક–૩૮થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓની દુકાન ભેસાણમાં અમર જવેલર્સના નામથી આવેલ છે. તા.૨૬/૨/૨૩ ના રોજ પોલીસ બે આરોપીઓ અંકલેશ વિધ્યાનંદ પોદાર તથા મહમદઝુબેર મહમદ મકસુદ શેખ બંન્ને આરોપીઓએ મુદામાલ ચણાકા તથા ગોરખપુર રોડ ઉપર આવેલ સીમેન્ટના ભુંગળામાં અંદર સંતાડી દિધેલ રાખેલ હોય જે કબજે કરવાનો હોય જેથી મને વજન કાંટા સાથે ભેસાણ પોલીસ સ્ટેશને બોલાવેલો. જેથી અમો તથા પંચો ઉપરોકત જગ્યાએ સંતાડેલ મુદામાલ સોનાનો ચેન તથા ટુકડાઓ કાઢી આપતા અમોએ તેનુ વજન કરેલુ. જે સોનાના ચેનના ટુકડા ૦.૯૪૦ કિ.રૂા.૪૧૦૦/– નુ થયેલુ અને મે પોલીસને સહી કરી આપેલી અને પહોંચ આપેલી. વજન કાંટાની પહોંચ મને બતાવવામાં આવે છે જેમાં મારી તથા બે પંચોની તથા બે આરોપી ઓની સહીઓ છે. જે વજન કાંટાની પહોંચ ઝેરોક્ષ નકલ આંક–૩૯ થી રજુ થયેલ છે.

(૧૫). ત્યારબાદ, ફરીયાદ પક્ષે સાહેદ રોહીતભાઈ મનસુખભાઈ સેલડીયાને આંક–૪૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓની ચણાકા ખાતે પિતૃકૃપા નામની દુકાન આવેલ છે અને મે મારા દુકાનની અંદરના ભાગે તથા બહાર સીસીટીવી કેમેરા ચાર રાખેલા છે અને ડીવીઆરમાં

સીસીટીવી કેમેરાનુ મોનીટરીંગ પણ દુકાનના અંદરના ભાગે રાખેલ એલસીડી સ્ક્રીન ઉપર થાય છે. જે દરેક સ્ક્રીન ઉપર સીસીટીવી કેમેરાને અંગ્રેજીમાં આંક વડે દર્શાવ્યા છે. આ સીસીટીવી કેમેરાનુ રેકોર્ડીંગ અને મોનીટરીંગનુ સમગ્ર પ્રક્રિયાનુ નિયંત્રણ હુ કરૂ છુ. ગુનાના કામે કેમેરાના ફુટેજ પૈકી બહારના કેમેરા નં.૨ અને ૩ તા.૧૩/૨/૨૩ ના કલાક ૯–૫૫ થી ૧૧–૦૦ એ.એમ. સુધીના ફુટેજની સોફ્ટ કોપી ફોન ટચ કંપનીની ૪.૭ જી.બી.ની ક્ષમતા ધરાવતી બે ડી.વી.ડી. પોલીસે મારી પાસે માંગણી કરતા જે મે મારા ડીવીઆરમાંથી વિગતવારનુ પંચનામુ કરી, પોલીસે કબજે લીધેલી. તે ડીવીડી મને બતાવવામાં આવે છે. તે મે પોલીસને આપેલી તે જ છે અને મે આ અંગેનુ સદરહુ ડીવીડીમાં સીસીટીવી ફુટેજ મુળ સ્વરૂપ માં ઉપલબ્ધ હતા તેની કોપી કરીને ડીવીડી આપેલી. જે અંગેનુ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી) (આઈ.વી.સી) ની જોગવાઈ મુજબ પ્રમાણપત્ર આપેલ. જે સી.ડી. રજુ દા.આંક–૪૧ તથા પ્રમાણપત્ર આપેલ જે રજુ દા.આંક–૪૨ જેમાં મારી સહી છે અને તેમાં તા.૨૨/૩/૨૩ છે.

**(૧૬).** ત્યારબાદ,ફરીયાદપક્ષે સાહેદ મનુભાઈ વિઠલભાઈ પાઘડારને આંક–૪૩થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓ છોડવડી ગામે ૨૦૨૩ માં સરપંચ તરીકે હતો અમારા ગામના મેઈન રસ્તા ઉપર તથા ગામમા સીસીટીવી કેમેરા લગાવેલ છે.જેનુ મોનીટરીંગ ગ્રામ પંચાયત ખાતે થાય છે. તા.૧૩/૨/૨૩ના રોજ બનાવ બનેલો સવારના ૧૦–૦૦ વાગ્યે અને તે જ દિવસે કલાક ૨૧–૦૦ વાગ્યે જાહેર થયેલો આ ગુનાની ફરીયાદ આશાબેન શૈલેષભાઈ મોવલીયાએ કરેલી. આશાબેને ફરીયાદમાં બે આરોપીઓ સોનાનો ચેન લઈ મોટર સાયકલ ઉપર નાસી ગયેલ જેથી અમારા ગામના સીસીટીવી કેમેરા જોતા તા.૧૩/૨ /૨૦૨૩ ના રોજ કલાક ૧૦–૨૫ મીનીટે એક મોટર સાયકલ ઉપર એક જાડો તથા ઉંચો માણસ સફેદ શર્ટ તથા બ્લુ જીન્સ પહેરેલ તેમજ એક નીચો માણસ જેણે કાળુ પેન્ટ અને સફેદ શર્ટ પહેરેલ જે અમારા ગામના સીસીટીવી કેમેરામાં બીલખા

બાજુ બંન્ને જણા જોવામાં આવે છે. તેની સીડી હુ પોલીસને રજુ કરીશ તેવુ મે પોલીસને લખાવેલુ અને પોલીસે મારી પુછપરછ કરેલી.

(૧૭). ત્યારબાદ, ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદાર સાહેદ રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમાને આંક–૪૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ઘ્યાને લેતાં તેઓ તા.૧૩/૨/૨૩ ના રોજ બીલખા પો.સ્ટે.માં પો.સ.ઈ.તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ભેસાણ પો.સ્ટેશનના પી.એસ. આઈ. ડી.કે.સરવૈયા કોઈ કોર્ટ કે અન્ય કામે બહાર ગયેલ હોય જેથી ભેસાણ પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ અમોને સોપેલ. બાદ સાંજના પી.એસ.ઓ. દિલીપભાઈ ભેસાણનાઓએ અમોને ફોનથી જાણ કરેલ કે ગોરખપુર ગામે કોઈ બે અજાણ્યા ઈસમો ફરીયાદી બેન આશાબેન વા/ઓ શૈલેષભાઈ રામજીભાઈ મોવલીયાના ઘરે આવી અમો પીતળના વાસણો પાવડરથી ઉજળા કરી આપીએ છીએ અને સોના–ચાંદીના દાગીના પણ ઉજળા કરી આપીએ છીએ. તેમ કહી ખોડીયાર માતાજીની પીતળની મુર્તી પાવડરથી ઉજળી કરી આપેલ. એમ વિશ્વાસ માં લઈ ફરીયાદીનો પહેરેલો સોનાનો ચેન ઉજળો કરી આપવા માંગતા ફરીયાદીએ પોતે પહેરેલ સોનાનો ચેન કાઢી આ અજાણ્યા ઈસમને આપતા આ બંન્ને અજાણ્યા ઈસમો ફરીયાદીનો સોનાનો ચેન આશરે એક તોલાનો કિ.રૂા.૪૦,૦૦૦/– લઈ, ઘરની બહાર રાખેલ મોટર સાયકલ લઈ નાસી ગયેલ બાબતનો બનાવ બનેલ હોય જે અંગેની ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબની લખી લઈ ગુનો દાખલ કરી, આગળની તપાસ અમોને સોપતા અમોએ રૂબરૂ આવી બનાવવાળી જગ્યાએ જઈ ગામના બે પંચોને બોલાવી પંચો રૂબરૂ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને આ બનાવ અંગેનો ભારે ગુનાનો ઈ–રીપોર્ટ અમોએ કરેલ. બાદ ભેસાણ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.કે. સરવૈયા આવી ફરજ ઉપર આવતા આ કામની આગળની તપાસ પી.એસ.આઈ. ડી.કે.સરવૈયાને સોંપી આપેલ. મને રેકર્ડમાંથી આંક–૨૩ વાળુ પંચનામુ બતાવવા માં આવે છે. જે મે બનાવવાળી જગ્યાએ કરેલ છે તે જ પંચનામુ છે. જેમાં પંચનામા

નીચે મારી સહી છે. વધુમાં તપાસ દરમ્યાન મે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા.જે હુ ઓળખી બતાવુ છુ.આ સીવાય મે બીજી કોઈ કામગીરી કરેલ નથી.

(૧૮). ત્યારબાદ, ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદાર સાહેદ ધર્મેન્દ્રસિંહ કનકસિંહ સરવૈયાને આંક–૫૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓ ભેસાણ પોલીસ સ્ટેશનમાં ૨૦૨૩ માં ફરજ બજાવતા હતા ત્યારે ભેસાણ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.એસ.આઈ.શ્રી આર.પી.ચુડાસમા સદરહુ ગુનાની તપાસ સંભાળેલી ત્યારબાદ અમો રજા ઉપરથી પરત આવતા આ કામે ફરીયાદીનુ વિશેષ નિવેદન લીધેલુ. સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી લીધેલા. બે આરોપી ઓને અટક કરેલા. જે પંચનામા આ કામે આંક–૨૦થી રજુ છે. ડીસ્કવરી પંચનામુ કરેલુ. જે આ કામે આંક–૨૫ થી રજુ છે. જેમાં મારી તથા બે પંચોની સહીઓ છે. આરોપીઓ પાસેથી બે મોબાઈલ તથા એક હિરો હોન્ડા કબજે કરેલુ. તેમજ સોનાના ચેનના ટુકડા તથા ભુકી કબજે લીધેલી. મુદામાલ પાવતી બનાવેલી.તેમજ બે ડીવીડી જે સીસીટીવી ફુટેજ કબજે કરેલા. તેની ડીવીડી કબજે કરેલી તે અંગેનુ પંચનામુ અમોએ કરેલુ. તેમજ મુદામાલ સોનાની ચેનના ટુકડા સોની નિતેશ ધીરૂભાઈ હુંમરને બોલાવી સોનાના ચેનના ટુકડા પંચોની હાજરીમાં વજન કરાવી તેમજ ખરાઈ કરાવી અને વજન કાંટા ની પહોંચ મેળવેલી. આંક–૪૧વાળી ડીવીડી મને બતાવવામાં આવે છે. તે ડીવીડી આ કામે કબજે કરેલ તે જ છે.ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૬૫(બી) નુ સર્ટીફીકેટ જે આ કામે આંક–૪૨થી રજુ છે. સીસીટીવી ફુટેજ કબજે કર્યાનુ પંચનામુ અમે રજુ કરીએ છીએ. જે રજુ દા.આંક–૫૩ આપવામાં આવે છે. સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી લીધેલા.ભેસાણ મામલતદાર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરાવેલ જે આ કામે આંક–૩૨ થી રજુ છે. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલુ.

(૧૯). આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આંક–૨૦ થી મોટર સાયકલ કબજે લીધેલાની પંચનામાની ખરી

નકલ રજુ થયેલ છે. જે પંચનામા સંબંધે આંક–૧૯ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ નટવરલાલ હિરાનાથ રાઠોડે તથા આંક–૨૯ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ચીમનભાઈ કનુભાઈ દવેએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. તે જ રીતે આંક–૨૩ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ રજુ થયેલ છે. જે પંચનામા સંબંધે આંક–૨૨ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ શૈલેષભાઈ ધીરૂભાઈ રામાણી ને તથા આંક–૨૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ હરેશભાઈ જગુભાઈ બાંભરોલીયાએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. ત્યારબાદ આ કામે આંક–૨૫ થી રજુ થયેલ ડીસ્કવરી પંચનામાની ખરી નકલ રજુ થયેલ છે. જે પંચનામા સંબંધે આંક–૨૪ થી યસીન ઈકબાલ ઓઠને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. ત્યારબાદ આ કામે આંક–૩૨ થી રજુ થયેલ ઓળખ પરેડના પંચનામાની ખરી નકલ બાબતે પંચ સાહેદ લક્ષ્મણભાઈ ઝવેરનાથ ડાંગરને આંક–૩૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ પંચનામામાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. સદરહું પંચ સાહેદો ઉપરોકત જણાવેલ પંચનામાની હકિકતોને સમર્થન કરતા ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રીએ ઉપરોકત પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે, પરંતુ વિરૂધ્ધની કોઈ હકીકત બહાર આવેલ નથી. જયારે આ કામે રેકર્ડ જોતા આ કામે આંક–૫૩ થી રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજની ડી.વી.ડી. કબજે કર્યા અંગેના પંચનામાની ખરી નકલ બાબતે કોઈ પંચ સાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી.

(૨૦). આમ, ઉપરોકત આંક–૨૦ થી મોટર સાયકલ કબજે લીધાના પંચનામાની, આંક ૨૩ થી બનાવવાળી જગ્યાના પંચનામાની, આંક–૨૫ થી ડીસ્કવરી પંચનામાની, આંક–૩૨ થી ઓળખ પરેડના પંચનામાની, તેમજ આંક–૫૩ થી સી.સી.ટી.વી.

ફુટેજની ડી.વી.ડી. કબજે કર્યા અંગેના પંચનામાની ખરી નકલ રજુ થયેલ છે. જે દરેક પંચનામા ધ્યાને લેતાં, તે પંચનામાની ખરી નકલ રજુ થયેલ છે, પરંતુ તે પંચ નામાની અસલ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી. વળી, આ પંચ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં, તે પંચ સાહેદો પંચનામાની હકિકતોને સમર્થન કરતા નથી. જેથી આ પંચનામા પુરવાર થતા નથી.

**(૨૧).** વધુમાં, આ કામે આંક-૨૧ થી તપાસવામાં આવેલ સાહેદ શૈલેષભાઈ રામજીભાઈ મોવલીયા જેઓ ફરીયાદીના પતિ છે. તેમનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ બનાવ સમયે ઘરે હાજર હતા નહિ. જેથી તેઓ આ બનાવ વિશે કોઈ હકિકત જાણતા નથી. ત્યારબાદ આંક-૨૭ થી તપાસવામાં આવેલ સાહેદ રામજીભાઈ ભીખાભાઈ મોવલીયા કે જેઓ ફરીયાદીના સસરા થાય છે.તેઓ બનાવ સમયે વાડી એ હતા. જેથી તેઓ આ બનાવ વિશે કોઈ હકિકત જાણતા નથી. તેમજ આંક-૨૮ થી તપાસવામાં આવેલ સાહેદ નાનજીભાઈ ભીખાભાઈ મોવલીયા કે જેઓ ફરીયાદી ના કાકા સસરા થાય છે. તેઓ બનાવ સમયે વાડીએ હતા.જેથી તેઓ આ બનાવ વિશેકોઈ હકિકત જાણતા નથી.તેમજ સાહેદ પ્રવીણભાઈ લવજીભાઈ બાંભરોલીયા ને આંક-૩૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ બનાવ વિશે કોઈ હકિકત જાણતા નથી.તેઓએ બનાવની હકિકત વાતો વાતથી જાણેલી. જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. જયારે આ કામે સાહેદ હરસુખભાઈ હંસરાજભાઈને આંક-૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ બનાવની હકિકત જણાવે છે પરંતુ બનાવ સમયે તેઓ બનાવ સ્થળે હાજર હોય અને આરોપીઓને સ્થળ ઉપર જોયેલ હોય તેવી કોઈ હકિકત જણાવતા નથી.

**(૨૨).** ત્યારબાદ, આ કામે નિતેશભાઈ ધીરૂભાઈ હુંમ્મરને આંક-૩૮ થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ સોની છે. તેઓએ પંચો રૂબરૂ મુદ્દામાલ સોનાનો ચેઈન તથા ટુકડાઓનું વજન કરેલુ અને તે વજન કર્યા બદલની પહોંચ આપેલી. જે પહોંચની ખરી નકલ આ કામે આંક-૩૯ થી રજુ છે પરંતુ

ઉપરોકત પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, રજુ થયેલ ડીસ્કવરી પંચનામુ, બનાવ વાળી જગ્યાનું પંચનામું તથા ઓળખ પરેડનું પંચનામું પુરવાર થતુ ન હોય. ત્યારે તેવા સંજોગોમાં આંક–૩૯ થી રજુ થયેલ પહોંચના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. ત્યારબાદ આ કામે આંક–૪૦ થી સાહેદ રોહિતભાઈ મનસુખભાઈ સેલડીયાને તપાસવામાં આવેલા છે. જેઓની પિતૃકૃપા નામની દુકાન ચણાકા ખાતે આવેલ છે જેમની દુકાનમાં અંદરના તથા બહારના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા છે. જે કેમેરાનું નિયંત્રણ તેઓ પોતે કરે છે હાલના ગુનાના કામે તેઓએ તેમની દુકાનના બહારના કેમેરાનું તા.૧૩/૦૨/ ૨૦૨૩ ના કલાક ૦૯:૫૫ થી ૧૧:૦૦ એ.એમ. સુધીના ફુટેજની સોફટ કોપી કુલ બે ડી.વી.ડી.માં પોલીસને માંગણી કરતા આપેલી. જે અંગેનું પોલીસે પંચનામું કરેલુ અને આ સી.સી.ટી.વી. ફુટેજની તેઓએ કોપી કરેલી જે સી.ડી. આંક–૪૧ તેમજ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબના પ્રમાણપત્રની ખરી નકલ આંક–૪૨ થી રજુ થયેલ છે.

(૨૩). ત્યારબાદ આ કામે ફરીયાદી આશાબેન શૈલેષભાઈ મોવલીયાને આંક–૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓએ બનાવને સમર્થનકારક હકિકતો જણાવેલ છે અને તેઓએ આરોપીઓને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ હોવાનું જણાવેલ છે. તે જ રીતે આંક–૪૬ થી તપાસવામાં આવેલા સાહેદ જયાબેન રામજી ભાઈ મોવલીયા કે જેઓ ફરીયાદીના સાસુ થાય છે. તેઓએ પણ ફરીયાદને સમર્થનકારી હકિકતો જણાવેલ છે. તે જ રીતે ફરીયાદપક્ષે પ્રવિણભાઈ કરશનભાઈ મોવલીયાને આંક–૪૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં, તેઓએ વાતો વાતોથી બનાવની હકિકતો જાણેલી. ત્યારબાદ આંક–૪૮ થી રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમાને તપાસવામાં આવેલા છે. તેઓ બનાવ સમયે હાલના ગુનાના તપાસ કરનાર અમલદાર હતા. તેઓએ કરેલી કામગીરી પ્રમાણેનો પુરાવો આપેલ છે.તે જ રીતે આંક–પર થી તપાસ કરનાર

અમલદાર ધર્મેન્દ્રસિંહ કનકસિંહ સરવૈયાને તપાસવામાં આવેલ છે. તેઓએ કરેલી કામગીરી મુજબનો પુરાવો આપેલ છે.

**(૨૪).** વધુમાં, આ કામે રજુ થયેલ આંક–૪૧ વાળી ડી.વી.ડી. આ અદાલત દવારા પ્લે કરતા તેમા કુલ ર વિડીયો જણાય આવે છે. જે વિડીયો પ્લે કરતા એક વીડીયો પ્લે થતો નથી, જયારે બીજો વીડીયો પ્લે કરતા ગામનો રોડ સીસીટીવી ફુટેજમાં માલમ પડે છે. જેમાં બે ઈસમો મોટરસાઈકલ ઉપર જતા હોવાનુ જણાઈ આવે છે, પરંતુ તે બંને ઈસમોએ મોઢાના ભાગે કપડુ બાંધેલ હોઈ તેઓનો ચેહરો જોઈ શકાય તેમ નથી. જેથી હાલના આરોપીઓએ જ બનાવ સમયે સ્થળ ઉપર હાજર હોય અને હાલનો ગુનો આચરેલ હોય તેવું સ્પષ્ટ કહી શકાય તેમ નથી. વળી, આ કામે તપાસ કરનાર અમલદાર દવારા અન્ય કોઈ કેમેરાના સી.સી.ટી.વી. ફુટેજ રજુ કરેલ નથી. જેથી હાલના આરોપીઓએ જ હાલનો ગુનો આચરેલ હતો તે હકિકત સ્પષ્ટ થતી નથી.

**(૨૫).** વધુમાં, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આરોપીઓ પાસેથી હાલના ગુનાના કામે ગયેલી ચીજવસ્તુઓ કબજે કરેલી હોવાનુ જણાવેલ છે. તે અંગે ડીસ્કવરી પંચનામુ આંક–૨૫ થી રજુ થયેલ છે. તે ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી તેમજ આંક–૩૨ થી રજુ થયેલ ઓળખ પરેડના પંચનામા સંબંધે તપાસવામાં આવેલ પંચ સાહેદે પણ તે પંચનામાની હકિકતને સમર્થન કરતા નથી. વળી, આ કામે આરોપીના ઓળખ પરેડના પંચનામાની ખરી નકલ રજુ થયેલ છે. જે પંચનામા સંબંધે તે પંચનામુ કરનાર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તથા તેમની સાથે મદદમા હોઈ એવા તલાટીશ્રીને તપાસવામાં આવેલ નથી. જેથી તે પંચનામાની પ્રક્રિયા રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, આ ઓળખ પરેડ અંગેનું પંચનામું કેવી રીતે કરવામાં આવેલુ તે હકિકત સ્પષ્ટ થતી નથી. વધુમાં, આંક–૩૨ વાળા ઓળખ પરેડ અંગેનું અસલ પંચનામુ રજુ થયેલ નથી. ફરીયાદી જણાવે છે કે, તેઓએ આરોપીઓને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા પરંતુ તે પંચનામાની નકલ ફરીયાદીને બતાવવામાં આવેલ નથી કે ફરીયાદીએ તેમાં પોતાની સહિ ઓળખી

બતાવેલ નથી. આમ, જયારે ફરીયાદ પક્ષના મહત્વના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહીં.

(૨૬). વધુમાં, ફોજદારી કેસોમા આરોપી વિરૂધ્ધનો ગુનો ફરીયાદ પક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે.

(૨૭). વધુમાં, આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. સદર ગુનાના કામે આરોપીઓ પાસેથી આ ગુનાને લગતો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હોવાનુ ફરીયાદ પક્ષનુ કથન છે પરંતુ આ કામે આંક–૨૫ થી રજુ થયેલ ડીસ્કવરી પંચનામું પુરવાર થતુ નથી.તેમજ આરોપીઓ પાસેથી ગુનામાં ગયેલી કોઈ ચીજવસ્તુઓ કબજે કરેલ હોય તેવી કોઈ જ હકીકત પંચ સાહેદોના સમર્થનકારી પુરાવા થકી રેકર્ડ ઉપર આવેલ નથી. તેવા સંજોગોમાં ***નામદાર ગુજરાત હાઈકોર્ટના જીવાભાઈ ટી. વસાવા વિ. સ્ટેટના ૨૦૦૪(૧) જી.એલ.આર. ૪૬૦ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,*** *None of the Panch Witnesses have supported the case of the prosecution and the contents of recovery panchnama have also not been proved by Investigation Officer. In such a situation, recovery panchanama cannot be read in evidence.* વધુમાં બનાવવાળી જગ્યાએ આરોપીઓની હાજરી સબંધેનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર ફરીયાદ પક્ષ લાવી શકેલ નથી, જે સીસીટીવી ફુટેજની ડીવીડી રજુ થયેલ છે તેમાં પણ હાલના આરોપીઓ પૈકી કોઈપણ આરોપીની ઓળખ સ્પષ્ટ થતી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તપાસ દરમ્યાન હાલના આરોપીઓ પાસેથી હાલના ગુના અંગેનો કોઈ જ મુદ્દામાલ કબ્જે લીધેલ હોય તેવું પણ રેકર્ડ ઉપર યોગ્ય અને માનવા લાયક પુરાવા થકી પુરવાર થતું નથી.

(૨૮). વધુમાં, **નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લઈએ તો, Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but-quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Sec.134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. જે ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની બની રહે છે.

(૨૯). આમ, ઉપરોકત ચુકાદાની હકીકત સાથે હાલના કેસની કાર્યવાહી ધ્યાને લેતાં, તથા રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદીએ જણાવેલ છે, પરંતુ તે અંગેનો કોઈ વિશ્વસનીય પુરાવો આ કામે રજુ કરેલ નથી. ત્યારે તેવા સંજોગોમાં આરોપી ઓને આક્ષેપિત ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૩૦). આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## હુ ક મ

**(૧).** આ કામના આરોપી નં.(૧) અંકલેશ વિધ્યાનંદ પોદાર, ઉ.વ.૩૭, ધંધો–ફેરીનો, (૨) મો.ઝુબેર મો.મકસુદ શેખ, ઉ.વ.૩૨, ધંધો–ફેરીનો,બંને રહે. જમુનીચા, તુલસીપુર, જી.ભાગલપુર (બીહાર), હાલ રહે.જુનાગઢ, ધરા નગર, જી.જુનાગઢને ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ મુજબ બિન–તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** આ કામે મુદ્દામાલ પાવતી નં.૧૧૨૦૩૦૦૭૨૩૦૦૪૦/૨૦૨૩/એમ.પી./૧ માં દર્શાવેલ હાલના ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.(૧) એક સેમસંગ કંપનીનો બ્લ્યુ કલરનો સાદો કિપેડ મોબાઈલ ફોન તથા નં.(૨) ACE કંપનીનો કાળા કલરનો સાદો કિપેડ મોબાઈલ ફોનનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવા હુકમ કરવામાં આવે છે. તેમજ તે જ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.(૩) હિરો હોન્ડા કંપનીનું હંક મોટર સાયકલ જેના રજી.નં. GJ-11-NN-9913 સબંધે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે, અન્યથા મુદ્દામાલ વાહનની ખરાઈ કરી અપીલ સમય વિત્યે તેના રજીસ્ટર ઓનરને પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

**(૩).** આ કામે મુદ્દામાલ પાવતી નં.૧૧૨૦૩૦૦૭૨૩૦૦૪૦/૨૦૨૩/એમ.પી./૨ માં દર્શાવેલ હાલના ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.(૧) સોનાના ચેઈનના નાના ટુકડા તથા ભુકી જેનું વજન ૦.૯૪૦ ગ્રામ છે તે ફરીયાદીને અપીલ સમય વિત્યે પરત કરવા હુકમ કરવામાં આવે છે. તેમજ તે જ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.(૨) માં વર્ણન કરેલ મુદ્દમાલ જેવા કે, એક થેલો જેમાં

પ્લાસ્ટિકના બાઉલ નં.૪ તથા પ્લાસ્ટિકની નાની ડોલ તેમજ ધાતુની વાટકી વિગેરે બિન–કિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

(૪). આ કામે મુદ્દામાલ પાવતી નં.૧૧૨૦૩૦૦૭૨૩૦૦૪૦/૨૦૨૩/એમ.પી. /૩ માં દર્શાવેલ હાલના ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.(૧) FRONTECH કંપનીની ડી.વી.ડી. જે આ કામે આંક–૪૧ થી રેકર્ડમાં રજુ થયેલ છે. આમ, તે રેકર્ડનો ભાગ બનેલ હોય જેથી સદરહું ડી.વી.ડી. સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૫). આ કામે આરોપીઓ વિરૂધ્ધ ઈસ્યુ કરેલ બિનજામીન લાયક વોરંટ પરત મંગાવવા સબંધીત પો.સ્ટે.ચાદી કરવી.

હુકમ આજ તારીખ : ૧૬ મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૬/૦૫/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(જજ કોડ નંબર–જીજે ૦૧૩૯૧)